અપીલ અરજી નં.૨૨૨ તા.૧૩–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી હરિભાઈ ગોબરભાઈ છોટાળા
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી હરિભાઈ ગોબરભાઈ છોટાળાની તા.૨૯–૯–૧૦ની અરજીથી રે.સ. નં.૫૫૧/૩ પ્લોટ નં.૧૯/૨૦ દક્ષિણ તરફનો હિસ્સો **GFL**૬૪એ – ૨૫ –૫૨૨૧–૦–૦૦૨ વાળી મિલ્કતે "એમ્બ્રોયડરી " મશીન ચાલે છે જેના વિરોધ રૂપે "ઈ–મેઈલ" થી નનામી અરજી મહાનગરપાલિકા ઈસ્ટઝોનમાં આવેલ છે સદર ફરિયાદ ના ઈ–મેઈલ નંબરની જરૂર હોઈ માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૩–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૨૨/૨૦૧૦–૧૧

શ્રી હરિભાઈ ગોબરભાઈ છોટાળાની તા.૨૯–૯–૧૦ની અરજીથી રે.સ. નં.૫૫૧/૩ પ્લોટ નં.૧૯/૨૦ દક્ષિણ તરફનો હિસ્સો **GFL** ૬૪એ – ૨૫ –૫૨૨૧–૦–૦૦૨ વાળી મિલ્કતે "એમ્બ્રોડરી " મશીન ચાલે છે જેના વિરોધ રૂપે "ઈ–મેલ" થી નનામી અરજી મહાનગરપાલિકા ઈસ્ટઝોનમાં આવેલ છે સદર ફરિયાદ ના ઈ–મેલ નંબરની જરૂર હોઈ માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને મ.જાહેર માહિતી અધિકારી વરાછા ઝોનના પત્ર નં. ઈ.ઝેડ/આરટી આઈ/૪૭૫ તા.૨૯–૧૦–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા વધુમાં અપીલ મુદ્દા અંગે પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૮૫૮ તા.૨૨–૧૦–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળ ેલ નથી.

અરજદારની તા.૨૯–૯–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં. ૪૭૫ તા.૨૯–૯–૧૦ થી અરજદારને માહિતીના પાના નંગ–૨ પાના દીઠ રૂા. ૨/– લેખે રૂા.૪/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે પત્રમાં તા.૨૯–૧૦–૧૦ દર્શાવેલ છે. જે અંગે અરજદારે તા.૮–૧૦–૧૦ ના રોજ સ્ક્રોલ નં.૫૦૦/૧૬ તા.૮–૧૦–૧૦ થી નાણા ભરપાઈ કરેલ છે અને તે જ દિવસે માંગ્યા મુજબની તમામ નકલો મળી ગયેલ છે તેવું લખાણ અરજદારે આપેલ આરટીઆઈ સેલની ફોરવર્ડીંગ કાગળની નકલ અત્રે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે તેમાં જણાવેલ છે. જે અરજદારે રૂબરૂમાં તા.૮–૧૦–૧૦ ના રોજ મેળવ્યા હોવાનું પણ તેવી ફોરવર્ડીંગ પત્રની નકલમાં જણાવેલ છે તેવી નકલ અત્રે મળેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૮–૧૦–૧૦ ના રોજ મળેલ માહિતીની ફરીયાદ સ્ટેટસ રજૂ કરી માહિતી માંગનારનું નામ સરનામું તથા ઈ–મેઈલ નંબર વિગરેની માહિતી આપવાની રજૂઆત કરી તા.૧૩–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે http://10.84.4.1/intranet/smcWebComplaintDetails.asp ફરીયાદમાં આપેલ વિગતો કોમ્પ્યુટર પર નોંધાયેલ છે જે અરજદારને આપેલ ફરીયાદ સ્ટેટસ નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે જોતાં અરજદારનું નામ અને સરનામાની વિગતમાં જાગૃતિ " આશાનગર રણછોડનગર જણાવેલ છે. પરંતુ તેમાં ઈ–મેઈલ નંબર નોંધાયેલ જણાતો નથી. તેવી દફતરી વિગતો અરજદારને જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૯–૯–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર તરફથી ફરીયાદ તરીકે કોમ્પ્યુટર પર નોંધાયેલ દફતરી ઉપલબ્ધ માહિતીની વિગતો પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી હરિભાઈ ગોબરભાઈ છોટાળા,